શામળાજીમાં હાર્દિક પટેલનું ભવ્ય સ્વાગત

ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રતનપુર સરહદે હાર્દિક પટેલના સ્વાગત પછી હિંમતનગર ખાતે વિશાળ હુંકાર સભા યોજાઈ

મોડાસા, તા. ૧૭

પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ હજારો વાહનોના કાફલા સાથે છ માસ પછી આજે તા. ૧૭મીએ રતનપુર સરહદેથી ગુજરાતમાં પ્રવેશતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા સહિતના હજારો પાટીદારો દ્વારા હાર્દિક પટેલનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

નામદાર અદાલતના આદેશથી ગઈ તા. ૧૭મી જૂન-૨૦૧૬ના રોજ રાજ્ય બહાર છ માસ રહેવાનું હોઈ હાર્દિક પટેલે રાજસ્થાનના ઉદેપુર ખાતે રહેવાનુ પસંદ કરતા છ માસના વનવાસ પછી આજે બરાબર છ માસ પુરા કરી ગુજરાતમાં પ્રવેશતા હાર્દિક પટેલનું હજારો પાટીદારો દ્વારા એકત્ર થઈ રતનપુર બોર્ડર ઉપર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાની સરહદ ઉપર જ રતનપુર બોર્ડર હોવાથી આ જિલ્લાના વહીવટીતંત્ર અને જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર દ્વારા છેલ્લા બે-ત્રણ દિવસ અગાઉથી સુરક્ષા બંદોબસ્ત માટે પુરતો સુરક્ષા કર્મીઓનો સ્ટાફ તૈનાત કરી ગઈકાલથી જ ખડેપગે રાખી પુરી તકેદારી ગોઠવી દેવાઈ હતી. જેમાં ૭૦૦થી વધુ સુરક્ષા કર્મીઓને તૈનાત કરાયા હતા. એટલું જ નહિ હાઈવે ઉપર ઠેર ઠેર પોઈન્ટ ઉભા કરી ટ્રાફીકને અડચણ ઉભી ન થાય તેની પણ તકેદારી રાખવામાં આવી હતી.

શાંતિપૂર્ણ માહોલમાં ગુજરાત પ્રવેશ પછી રતનપુરથી કાફલો હિંમતનગર તરફ જવા રવાના થયો હતો. જિલ્લા પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા સુંદર સુરક્ષા બંદોબસ્ત ગોઠવાતા આવતા જતા ટ્રાફીકને પણ અડચણ ન પડે તેની પુરી કાળજી લેવાઈ હતી.

રતનપુર બોર્ડર અને શામળાજી વચ્ચે હાર્દિક પટેલના સ્વાગત માટે વાહનોનો મોટો કાફલો ખડકાયો હતો. પાટીદારોએ હાર્દિક પટેલનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. સમાજના હિત અને કલ્યાણ માટે અનામત આંદોલન સમાજને સાથે રાખી ચલાવવાની પોતાની નેમનો હાર્દિક પટેલે આ ટાણે પુનરોચ્ચાર કર્યો હતો.

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ૧૨ નોનવેજ દુકાનો બંધ કરવામાં આવી

ખેડબ્રહ્મા, તા. ૧૭

ગુજરાતમાં ફેલાઈ રહેલા બર્ડ ફ્લુને ધ્યાનમાં રાખી ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા સઘન તપાસ હાથ ધરી બસ સ્ટેશન વિસ્તારમાં ૩ અને સ્ટેશન વિસ્તારમાં ૯ મળી કુલ ૧૨ નોનવેજ બનાવતી દુકાનોને નગરપાલિકાના વિરેન્દ્રસિંહ, ભગતસિંહ, ભરતભાઈ સહિત સ્ટાફ દ્વારા સરકાર દ્વારા નવીન ઓર્ડર ન થાય ત્યાં સુધી બંધ કરી દેવામાં આવી હતી.

ધનસુરા ચૂંટણીની કાઉન્ટીંગ મામલે ઉમેદવાર તથા તેમના સમર્થકોએ કોર્ટનો સહારો લીધો

ધનસુરા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં યોજાયેલો ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભારે રસાકસીભર્યો જંગ જામ્યો હતો. જેમાં પ્રથમ વખત ઉમેદવારી કરી રહેલા ક્ષત્રીય ઉમેદવાર વિપુલ ખાંટે ૨૪૪૪ મત મેળવ્યા હતા જેની સામે અશ્વિનભાઈ ધનાભાઈ પટેલે ૨૫૭૭ મત મેળવી ૧૩૩ મતથી વિજય મેળવ્યો હતો. મત ગણતરીના દિવસે ક્ષત્રીય ઉમેદવાર તથા તેના સમર્થકોએ કાઉન્ટીંગ બાબતે શંકા જણાતા રીકાઉન્ટીંગ માંગ્યુ હતુ. પરંતુ ફરજ પરના અધિકારીએ રી કાઉન્ટીંગ ન આપતા મામલો રાતોરાત કલેક્ટર કચેરી સુધી પહોંચ્યો હતો. જ્યાં નાયબ કલેક્ટર દ્વારા બે દિવસમાં નિરાકરણ આવી જશે તેવી શાંત્વના આપવામાં આવી હતી. ત્યારે બે દિવસ બાદ કલેક્ટરનો જવાબ સાંભળવા હજ્જારોની સંખ્યામાં ગ્રામજનો કલેક્ટર કચેરીએ ઉમટી પડ્યા હતા. પરંતુ ગ્રામજનો ત્યાં પણ નિરાશ થઈને ઘરે પરત ફર્યા હતા. જેથી ઉમેદવાર તેમજ તેના સમર્થકો દ્વારા ન્યાયની આશા સાથે ના છૂટકે કોર્ટનો સહારો લઈ સમગ્ર ઘટના હવે કોર્ટ સુધી પહોંચી છે. અને સિવિલ કોર્ટમાં તેની અપીલ દાખલ કરવામાં આવી છે. રી કાઉન્ટીંગ માટે કોર્ટમાં અપીલ કરી છે. ત્યારે સરકારની દરેક કચેરીઓથી નિરાશા સાથે પરત ફરેલા હારેલા ઉમેદવાર તેમજ તેના સમર્થકોને કોર્ટ તો તેમને ન્યાય આપશે તેવી આશા લગાવીને બેઠા છે.

ધનસુરાના બુયલ ગામે સ્વચ્છતા અભિયાન હાથ ધરી યુવાનોએ ગંદકી દૂર કરી

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બુયલ ગામમાં સ્થાનિક સ્વરાજ્યની યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં યુવાન સરપંચ દિપક બુટાલાએ જવલંત વિજય મેળવ્યા બાદ ઉત્તરાયણ પછી સરપંચ પદે પદગ્રહણ કરી પ્રથમ દિવસે જ ગામના યુવાનો સાથે મળી ગામના મુખ્ય માર્ગો અને અંતરિયાળ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરી ગંદકી દૂર કરી, કચરાનો નાશ કરી ગામને સ્વચ્છ બનાવ્યુ હતુ. ગામ લોકોને આગામી સમયમાં યુવાનો સાથે મળી સ્વચ્છતા જાળવવા સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય તેવા કાર્યક્રમો હાથ ધરી બુટાલ ગામને 'સ્વચ્છ ગામ નિર્મળ ગામ' બનાવવાની આશા વ્યક્ત કરી હતી. બુટાલ ગામના લોકોએ યુવા સરપંચ દિપક બુટાલા દ્વારા પ્રથમ દિવસે જ કરાયેલી કામગીરીની સરાહના કરી હતી.

પાલનપુરની ઐતિહાસિક મીઠી વાવ ગંદકીથી ખદબદી રહી છે

પાલનપુર, તા.૧૭

જિલ્લા મથક પાલનપુર શહેરમાં ઐતિહાસિક મીઠીવાવ આવેલી છે. આ મીઠી વાવ અત્યારે ગંદકી થી તેમજ કચરાઓના ઢગલાથી ગંધાઈ રહી છે. પાલનપુર શહેરમાં પ્રવેશતા જ નાગરિકોને આ શહેરમાં જોવા લાયક સ્થળો થી માહિતગાર કરવા માટે શહેરના અરોમા સર્કલ ઉપર શહેરના જોવા લાયક સ્થળો નું નામ સાથે નું બોર્ડ મુકવા માં આવેલું છે. આ બોર્ડ માં મીઠી વાવનું નામ જોઈ ઘણા લોકો આ મીઠી વાવને જોવા પહોંચી જાય છે. પરંતુ મીઠી વાવ જોવા આવતા લોકો ને નજરે પડે છે માત્ર કચરાના ઢગલા અને ગંદકી.

ઐતિહાસિક વારસા સમી આ મીઠી વાવ ની જાળવણી કરવા ની જવાબદારી ને સૌએ વિસારે પાડી દીધી છે। જેના પગલે એક સમયે પાલનપુર ની સાન ગણાતી મીઠી વાવ કચરા પેટી જેવી બની ગઈ છે.

આ વાવ ની કેટલીક કલાત્મક મૂર્તિઓ ની ચોરી પણ થઈ છે તયારે પાલનપુર ના લોકો આડેધડ આ વાવ માં કચરો ફેંકી રહ્યા છે બનાસકાંઠા ને અડી ને આવેલા પાટણ ખાતે ની રણકી વાવ ની જાળવણી માટે પુરાતત્વ વિભાગ વહીવટી તંત્ર તેમજ પાટણ ના નગરજનો દવારા ખુબ જહેમત ઉઠાવી રહ્યા હોઈ આજે રણકી વાવ પર્યટન સ્થળ બની ગયું છે રણકી વાવ ની મુલાકાતે આવતા વિદેશી પર્યટકો પણ આ વાવ ની કાલા કોતરણી જોઈ આફ્રિન થઈ જતા હોય છે ગુજરાત સરકાર દવારા તૈયાર થયેલી ખુશ્બૂ ગુજરાતકી જાહેરાત માં મેગા સત્તર અમિતાભ બચ્ચન પણ રણકી વાવ ના પેટ ભરી વખાણ કર્યાં છે। જેથી રણકી વાવ વાવ નો દબદબો વધી રહ્યો છે તયારે રણકી વાવ જેવી જ કાલા કોતરણી ધરાવતી પાલનપુર ની મીઠી વાવ નો કોઈ ભાવ પુસતું નથી મીઠી વાવ ના મહાત્મવ ને જાળવણી રાખવા માં નેતાગીરી નબળી પુરવાર થઈ રહી છે. તયારે આ ઐતિહાસિક વર્તમાન દુર્દશા માટે વહીવટી તંત્ર તેમજ નગરજનોની ઘોર બેદરકારી પણ એટલીજ કારણભૂત બની છે તયારે આ ઐતિહાસિક મીઠી વાવ ની જાળવણી માટે જિલ્લા વહીવટી તંત્ર તેમજ નાગરિકો આ પણ આગળ આવવું જોઈએ તેવી સ્થાની કો ની માંગ છે.

રોકડ ઉપાટની લીમીટ વધી પણ પ્રાંતિજના એટીએમ મશીન ઠપ્પ

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં ઘણાં સમયથી વિવિધ બેંકોના ઉભા કરવામાં આવેલ એટીએમ મશીનોના શટલ પણ ઉંચા થતાં નથી ત્યારે નોટબંધીના ૯૦ દિવસ પછી પણ પ્રાંતિજના એટીએમ મશીન ખાલી શોભાના ગાંઠીયા સમાન છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાય સમયથી એટીએમ મશીનો બંધ હાલતમાં પડયાં છે અને સરકાર દ્વારા એટીએમ મશીનમાંથી એક દિવસમાં દસ હજાર ઉપાડવાની છુટ આપી છે ત્યારે પ્રાંતિજમાં આવેલી કેનેડા બેંક, આઇબીઆઇ બેંક, ગોપીનાથ સ્ટેટ બેંક, એટીએમ મશીનના શટલ પણ ખુલતા નથી ત્યારે કેટલાંક એટીએમતો ખુલે છે પણ કેશલેસ છે. ત્યારે હાલ તો નોટબંધીના ૯૦ દિવસ પછી પણ સ્થિતી જેસે થે ની છે. અને એટીએમ મશીન ગ્રાહકોની પરેશાનીઓમાં ૯૦ દિવસ પછી પણ કોઈ ફરક પડયો નથી અને પ્રાંતિજમાં હાલ તો માત્ર ખાલી ગણતરી કરવાં પુરતાં એટીએમ મશીનો શોભાના ગાંઠીયા સમાન છે. અને પ્રાંતિજ ખાતે આવેલ નવ એટીએમ મશીનોમાથી માત્ર બે જ એટીએમ મશીનો ચાલું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ એટીએમ મશીનો કેશલેસમાંથી કેશવાળા થશેએ તો હવે જોવાનું રહ્યું.

પ્રાંતિજના ચંચળબાનગર પાસે લકઝરીની ટક્કરથી દસ ઘેટાના મોત

૧૯ ઘેટાને ગંભીર ઈજાઓ પહોંચી : લકઝરી બસના પૈડા ઘેટાના ઝુંડ ઉપર ફરી વળ્યા

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ચંચળબા નગર પાસે લકઝરી બસે આગળ જતાં ઘેટાના ઝુંડને ટક્કર મારતાં દસ ઘેટાના ઘટનાસ્થળે મોત નિપજયા હતા. અને ઓગણીસ જેટલાં ઘેટાઓને ગંભીર ઈજાઓ પહોચી હતી.

પ્રાંતિજના ચંચળબાનગર પાસે હિંમતનગરથી અમદાવાદ તરફ જતી લકઝરી બસ આરજે.૨૭.પીએ.૯૯૬૬ નો ચાલક ગોપાલસીંગ ખરવળસીંગ રહે. નાથદ્વારા કે જે લકઝરી બસ ફુલફાસ્ટ હંકારી લાવીને આગળથી પસાર થતા ઘેટાના ઝુંડને ટક્કર મારતાં લકઝરી બસના આગળના પાછળના ટાયરો નીચે ઘેટા આવી જતા દસ ઘેટાઓનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજયું હતું અને ૧૯ જેટલા ઘેટાઓને શરીરે ગંભીર ઈજાઓ પહોચી છે જયારે અકસ્માતને લઈને ટ્રાફિકજામ થયો હતો અને પ્રાંતિજ પોલિસને પણ ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક દુર કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને રોડ ઉપરથી લકઝરી બસ તથા મૃતક ઘેટાઓ સાઈડમાં કરવામાં આવ્યાં હતાં. જયારે દસ ઘેટાઓ ઘટનાસ્થળે મરણ થતાં અને ઓગણીસ ઘેટાઓને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા પશુપાલક પર આભ ફાટી જતાં આખો પરીવાર રોકકળ કરી રહ્યો હતો. જયારે લકઝરી બસ તથા ચાલક વિરૂદ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં જેતાભાઈ ભરવાડ ફરીયાદ કરતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મેતા-મુમવાડા માર્ગ પર જખ્મી હાલતમાં ટેક્ષીચાલક મળી આવતા ચકચાર

પાલનપુર, તા.૧૭

વડગામ ના મેતા મુમવાડા રોડ પર જખમી હાલત મા એક યુવક મળી આવતા ગામ લોકોએ ૧૦૮ને જાણ કરી હતી. જો કે યૂવકને પાલનપુર સિવિલમા સારવાર અર્થે ખસેડાયો છે . જો કે, યુવકને ગાડીમા દોરીથી બાંધી ચપ્પાના ૧૫ જેટલા ઘા મારી હત્યા કરવાનો પ્રયાસ કરાયો હોવાનું અનુમાન છે.

ગાડી સિદ્ધપુરના મેથાણ ચાર રસ્તાથી મળી આવતા છાપી પોલીસ હદ નક્કી કરવામાં પડી છે. કોની હદ છે પાટણ કે બનાસકાંઠાની એ હદ નક્કી કરી તપાસ ચલાવશે એવું છાપી પોલીસનું બયાન હતું. મેતા નજીકથી સારવાર અર્થે લવાયેલ યુવક રાજ સ્થાનના મંડારનો સિકંદર નામનો શખ્સ ખુલ્યું હતું. આ યુવક એક ટેક્ષી ડ્રાયવર છે અને મંડાર થી પાલનપુર વચ્ચે પેસેન્જર ગાડી ફેરવતો. આજે મંડારથી આ યુવક કોઈ એક ઈસમની વર્ધિ લઈ મેથાણ આવ્યો હતો. મેથાણ ચાર રસ્તા પાસેથી ગાડીમા બીજા ૩ ઈસમો ચડ્યા હતા. અને ગાડી છાપી લઈ જવાનું જણાવ્યું હતું. દરમિયાન મેતા અને મુમવાડા ગામ પાસે જીપમા સવાર ૪ જેટલા શખ્સોએ આ યુવકને પ્રથમ દોરી વડે બાંધ્યો હતો અને ત્યાર બાદ આડેધડ ચપ્પુના ૧૫ જેટલા ઘા મારી મરણતોલ હાલતમા મૂકી ફરાર થઈ ગયા હતા. રાહદારીઓએ ૧૦૮ને કોલ કર્યો હતો અને

૧૦૮ દ્વારા ગંભીર હાલતમા લવાયેલા સિકંદર નામના યુવકને પાલનપુર સિવિલમા સારવાર અર્થે લવાયો હતો. જેના શરીર પર ચપ્પાના અસંખ્ય ઘા હતા જેની સારવાર હાથ ધરાઈ હોવાનું ફરજ પરના તબીબ ડી. બી. જૈને જણાવ્યું હતું.

હુમલો અને હત્યાની કોશિશની ગંભીર ઘટના ને લઈ સિવિલમા દોડી આવેલી છાપી પોલીસ પાટણ અને બનાસકાંઠાની હદ વચ્ચે અટવાતી હતી. જો કે જીવલેણ હત્યા જેવા હુમલાની કોશિશમા આ બનાવને મામલે છાપી પોલીસે ચુપકીદી સેવી હતી અને ઘટના સ્થળે જઈ હદ નક્કી થયા બાદ પોલીસનું મૌન તૂટશે.

અંબાજીમાં ભાજપ અને કોંગ્રેસનો સાથે સત્કાર સમારંભ યોજાતા સરપંચો વિમાસણમાં મુકાયા

અંબાજી, તા. ૧૭

તાજેતરમાં યોજાયેલી બિનરાજકીય સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં દાંતા અને અમીરગઠ વિસ્તારમાં સરપંચ તરીકે ચૂંટાયેલા ઉમેદવારોનો આજે યાત્રા ધામ અંબાજી ખાતે ભાજપ અને કોંગ્રેસ દ્વારા એક સાથે સત્કાર સમારોહ યોજાતા સરપંચો વિષામણમાં મુકાયા હતા. જો કે ભાજપ દ્વારા યોજાયેલ સન્માન સમારોહમાં રાજ્યના આરોગ્ય પ્રધાન શંકર ચૌધરી ઉપસ્થિત રહી સરપંચોનું અભિવાદન કર્યું હતું અને ઉપસ્થિત સંખ્યાબળને જોઈ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ગઢ ગણાતા દાંતા મતવિસ્તારને કબ્જે કરવાની વાત ઉચ્ચારી હતી જયારે કોંગ્રેસના સન્માન સમારોહમાં ઉપસ્થિત ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીએ સરપંચોને કરેલા જણાવેલ વ્યક્તિત્વમાં કહ્યું હતું કે લોકોને હજી મોબાઈલ પકડતા આવડતું નથી જ્યાં સરકાર કેશલેસની વાતો કરે છે. આમ કહી ભા.જ.પ સરકાર પર પ્રહારો કર્યા ને ભા.જ.પા સરકારને ભષ્ટ્રાચાર વાળી સરકાર ગણાવી હતી.

ટોરડા ગૃપ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની વરણી



ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા ગૃપ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની વરણી કરવામાં આવતા આનંદની લાગણી પ્રસરી હતી. ટોરડા ગૃપ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ પદે રાહુલસિંહ અમરસિંહ ભાટીની વરણી સંદર્ભે ટોરડા ગૃપ ગ્રામ પંચાયતના હોલમાં ભિલોડા નાયબ મામલતદાર કોકીલાબેન નિનામાના અધ્યક્ષસ્થાને વરણી કરવામાં આવી હતી. ટોરડા ગૃપ ગ્રામ પંચાયત સરપંચ,સભ્યોએ ડેપ્યુટી સરપંચને બિરદાવ્યા હતા. ટોરડા ગામના વી. ડી. અસારી નિવૃત્ત કલેક્ટર, લાલસિંહ એચ.ભાટી, અરૂણભાઈ ડી. રાવલ, મુળસિંહ રાઠોડ તેમજ ગ્રામજનોએ ઉત્સાહભેર આવકાર્યા હતા.

શાળા ગુણોત્સવ સમાજ અને શાળા વચ્ચે સમન્વય સાધવાનું કામ કરે છે : નિતીનભાઈ

મહેસાણા, તા.૧૭

શાળા અને સમાજ વચ્ચે સમન્વય સાધી શાળાની શૈક્ષણિક અને ભૌતિક વિકાસમાં લોકભાગીદારી વધારી શિક્ષણના સ્તરમાં ઉત્તરો ઉતર અભિવૃધ્ધી કરવાનો નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બાળકોના સર્વાંગી વિકાસ માટે સમાજમાં વાલીઓની શિક્ષણ પ્રત્યેની જાગૃતિ ખુબજ મહત્વની છે.

રાજ્યભરમાં ઉજવાઈ રહેલ શાળા ગુણોત્સવના ભાગ રૂપે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે આજે મહેસાણા જિલ્લાની ધાધુસણ પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી અને બાળકોના શ્રુતલેખન, વાંચન અને ગણન કૌશલ્યની ચકાસણ કરી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતુ કે ગુણોત્સવનો મુખ્ય હેતુ સો ટકા સ્થાયીકરણ લાવી સ્ત્રી સાક્ષરતામાં વૃધ્ધી કરવાનો છે. સાથો સાથ બાળકોના સર્વાંગિ વિકાસ માટે તેમની તમામ વિષયોની નિપુણતા ચકાસી તેમનો વિકાસ કરવાનો છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રે અને વ્યવસાયોમાં આગળ વધેલ ગ્રામજનો પોતાનો યથા યોગ્ય યોગદાન આપી બાળકોને શિક્ષણમાં સહાય કરે તેમ જણાવ્યું હતું. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો ગ્રામજનોને લાભ લેવા અનુરોધ નાયબ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

સરકારી કર્મચારીઓના સંતાનોને બોર્ડમાં સિધ્ધી પ્રાપ્ત કરવા બદલ પ્રોત્સાહિત કરાશે

મહેસાણા, તા.૧૭

માન મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા કન્યા કેળવણી નિધિની લાભાર્થી કન્યાઓને પુરસ્કાર વિતરણ કરવાનું આયોજન કરેલ છે. જેમાં યોજના નંબર ૦૫ અન્વયે જિલ્લાના સરકારી-પંચાયત સેવાના વર્ગ ૩ના કર્મચારીઓના સંતાનો (કન્યાઓ) દરેક તાલુકામાં એસ.એસ.સી પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે આવેલને ટેબ્લેટ આપવામાં આવનાર છે. તેવી જ રીતે તાલુકામાં એચ.એસ.સી (તમામ પ્રવાહ)માં પ્રથમ ત્રણ ક્રમે આવનારને ટેબ્લેટ આપવામાં આપશે. યોજના નંબર ૬ માં જિલ્લાના સરકારી-પંચાયત સેવાના વર્ગ ૦૪ ના કર્મચારી સંતાનો (કન્યાઓ) દરેક તાલુકામાં એસ.એસ.સી પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે આવેલને ટેબ્લેટ આપવું તેમજ દરેક તાલુકામાં એચ.એસ.સી (તમામ પ્રવાહ)માં પ્રથમ ત્રણ ક્રમે આવનારને ટેબ્લેટ આપવામાં આવશે તેમ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું છે.